પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૧૯ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૧-૨૦૨૨ મંગળવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કોંગ્રેસ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત, વર્ચ્યુઅલ અને ઉડી રેલીઓની તૈયારી શરૂ કરી દીધી

નવીદિલ્હી,

કોરોના સંક્રમણના પ્રકોપ વચ્ચે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં હવે ડિજિટલ રાજકીય યુદ્ધ થવાનું નક્કી છે. છેલ્લા કેટલાક દિવસો પર નજર નાખીએ તો ભાજપ તેમાં અન્ય દળોની તુલનામાં વ્યસ્ત છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી રેલીઓ, પદયાત્રાઓથી લઈને શેરી સભાઓ પર હાલ માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ ડિજિટલ યુદ્ધની તૈયારીઓમાં લાગી ગઈ છે. કોંગ્રેસ રાજ્ય દિલ્હીમાં કોંગ્રેસ હેડક્વાર્ટર ૨૪ અકબર રોડ, સોનિયા નિવાસ દસ જનપથ, રાહુલ ગાંધીના ઘર ૧૨ તુગલક લેન, ૧૫ જીઆરજી વોર રૂમ સહિત રાજ્યોની રાજધાનીઓથી લઈ જિલ્લા કાર્યલયોમાં ગ્રીન રૂમ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જ્યાંથી નેતા વર્ચ્યુઅલ રીતે જનતા સાથે મુજબ પોતાનો રોડ મેપ તૈયાર કરી રહી છે.

કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રોજેક્ટરનો પણ ઉપયોગ કરવામાં આવશે.

ટ્વીટરનો ઉપયોગ નવીનતમ આંકડાઓને ધ્યાનમાં રાખીને નેરેટિવ સેટ કરવા માટે કરવામાં આવશે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા મતોને પોતાની તરફ ખેંચવા માટેનો પ્રયાસ કરવામાં આવશે. ફેસબુક, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ પર વીડિયો કન્ટેન્ટ મુકવાની સાથએ જ નેતાઓનું લાઈવ પણ કરવામાં આવશે. ઝૂમ અને સ્કાઈપે જેવા માધ્યમોનો ઉપયોગ પણ ચૂંટણી કેમ્પઈનમાં કરવામાં આવશે. વર્ચ્યુઅલ કાર્યક્રમમાં કન્ટેન્ટનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

પાર્ટીનું માનવું છે કે ડિજિટલ યુદ્ધમાં કન્ટેન્ટ જ સૌથી મહત્વનું છે. ચૂંટણીમાં તેના દ્વારા જ પ્રચારમાં વધારો કરી શકાય છે. સામાન્ય રેલીઓ અલગ અલગ સ્થળોએ થાય છે, જ્યાં સામગ્રીનું પુનરાવર્તન કરી શકાય છે. જો કે ડિજિટલ દુનિયામાં દરેક વખતે કન્ટેન્ટ નવું હોવું જોઈએ. ધ્યાન ખેંચનારૂ કન્ટેન્ટ હોવું જોઈએ, જેથી લોકોને સતત જોડીને રાખી શકાય. કંટાળાજનક અને પુનરાવર્તિત સામગ્રી ડિજિટલ યુગમાં ટકી શકતી નથી. કારણ કે લોકો દર વખતે કંઈક નવું જોવા માંગે છે.

પાર્ટી બ્લોક લેવલ સુધીના કાર્યકરોને વોટ્સએપ, ફેસબુક, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ સાથે જોડાઈને સામાન્ય લોકોને જોડાઈ શકશે. વર્ચ્યુઅલ રેલીઓને સામાન્ય જનતા સુધી પહોંચાડવા માટે એલઈડી મોબાઈલ વાન અને આકર્ષવા કહેશે. મોટા નેતાઓની વર્ચ્યુઅલ થ્રીડી રેલીઓ કરવાનો પણ પ્રસ્તાવ છે. જેને અંતિમ રૂપ આપવાનું હાલમાં બાકી છે. ઉત્તરપ્રદેશના પૂર્વાંચલ, પશ્ચિમ, બુંદેલખંડ, અવધ, પંજાબ, ઉત્તરાખંડ, મણિપુર, યુપીના ગોવા જેવા રાજ્યોમાં સ્થાનિક સંસ્કૃતિ અને ભાષાની સાથે લોકગીતોનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે સામાન્ય લોકોને ત્યાં જોડાયેલા રાખવાનો પ્રયાસ કરવામાં આવશે.

૧૬ લાખ લઈને નોકરીઓ અપાઈ છે, CBI તપાસ થવી જોઈએ: યુવરાજસિંહ



અમદાવાદ,

વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા આજે ફરીથી પ્રેસ કોન્ફરન્સ કરીને મોટો ખુલાસો કર્યો છે. ઊર્જા વિભાગની ભરતી કૌભાંડમાં યુવરાજસિંહે આજે વધુ વચેટિયાના નામ જાહેર કરતા ખળભળાટ મચ્યો છે. યુવરાજસિંહે જણાવ્યું છે કે, દિલીપ પટેલ, અરવિંદ પટેલ નામના વ્યક્તિઓ મુખ્ય કૌભાડી છે અને તેમણે પોતાના પરિવારના ૪૫ લોકોને ખોટી રીતે ઓળખાણથી નોકરી અપાવી છે. તેમજ ખોટી રીતે ભરતી થયેલા હાલ ફરજ પર છે. યુવરાજે જણાવ્યું છે કે તમામ કૌભાંડના આધાર-પુરાવા ઉપલબ્ધ છે. તથા હેડક્લાર્કનો આરોપી પિનાકીન પણ સંડોવાયેલો છે. તેમણે ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને આરોપીઓની સંપત્તિ જપ્ત કરવા અને SIT સમિતિ રચી તપાસ કરવા જણાવ્યું છે. આ સાથે સીબીઆઈ તપાસની પણ માંગ કરી છે.

યુવરાજસિંહે જણાવ્યું કે, આ પહેલા મેં ઉર્જા વિભાગની ભરતીની વાત કરી હતી, એ સ્કેમ અત્યારે જે ચલાવે છે, તેમાં પરિવારવાદ, ઓળખાણવાદ ચાલે છે. હું આગામી સમયમાં આ કૌભાંડમાં અન્ય બીજા નામ આપીશ. ઉર્જા વિભાગમાં તમામ પરિવાર અને સગાઓ સ્કેમ કરી ફરજ બજાવી રહ્યા છે. જેમાં મૂળ વ્યક્તિ દિલીપ ડાહ્યા પટેલ, ગળતેશ્વર, ઈટાળા પ્રાથમિક શાળાના શિક્ષક જેમના ત્રણ લોકોનો સમાવેશ થાય છે. દિલીપ પટેલના ભાઈ વિજય પટેલ છે. ધર્મેન્દ્ર પટેલ, બાયડમાં રહે છે, અને તેઓ વચેટિયા છે. વિજય પટેલ, સ્વેત પટેલ પણ વચેટિયા છે.

યુવરાજ સિંહે, જણાવ્યું કે, ઉર્જા વિભાગના કૌભાંડમાં જે લોકો સંકળાયેલા છે તે લોકો ઘણી સંપત્તિ ધરાવે છે. નજીકના સંબંધીઓને લગાડવાનું કૌભાંડ ચાલી રહ્યું છે. અરવિંદ પટેલે ઉર્જા વિભાગમાં નજીકના સંબંધીઓને નોકરી અપાવી છે. એક જ પરિવારના લોકો GEBમાં નોકરી રહ્યા છે. ૧૬ લાખ રૂપિયામાં નોકરી અપાવવામાં આવી છે. અમારી પાસે તમામ જે મુદ્દા કહેવામાં આવ્યા તેના આધાર-પુરાવા છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, જેતે સમયે એમડીથી લઈને અધિકારીઓ ભરતી કૌભાંડમાં સંડોવાયેલા છે.

યુવરાજસિંહે વધુમાં જણાવ્યું કે, ધર્મેન્દ્રભાઈના પત્ની કૃપલ બેન યુજીવીસીએલમાં નોકરી કરે છે અને તેઓ બાયડમાં જુનિયર આસિસ્ટન્ટ છે. દિલીપ ડાહ્યા પટેલનો દીકરો ઉત્પલ પટેલ, જેટકોમાં એમની પુત્રવધુ શિખા પટેલ, થર્મલ જેટકોમાં નોકરી કરે છે. ઉત્પલનો સાળા પણ તેમાં જ નોકરી કરે છે. દિલીપ ડાહ્યા પટેલનો જમાઈ પણ લીંબડીમાં નોકરી કરે છે અને તે જુનિયર આસિસ્ટન્ટ અને એન્જીનીયર તરીકે કાર્યરત છે. પરિવારના ૪૫ લોકોને નોકરી આપવામાં દિલીપ ડાહ્યા પટેલની મુખ્ય ભૂમિકા હોવાની વાત યુવરાજસિંહે જણાવી છે.

યુવરાજસિંહે બાયડના અરવિંદ પટેલનું અગાઉ નામ આપ્યું હતું, એમનો પુત્ર જતીન અરવિંદ પટેલ આણંદ જીઈબીમાં, બીજો પુત્ર શ્રેય હાલ કાલુપુર અને પત્ની દાહોદમાં નોકરી કરે છે. એમનો ભાઈ પણ વહીવટદાર તરીકે હોવાનું જણાવ્યુ છે. આ ઉપરાંત એમની ભત્રીજી હેપ્પી પટેલ ચોઈલામાં નોકરી કરતી હોવાનું જણાવ્યું છે. અરવિંદ ભાઈએ તેમના સગાને ઉર્જામાં નોકરી અપાવી છે.

મારી પાસે તમામના નામ, પુરાવા છે. નોકરીકર્તાઓ સાથે પણ મેં વાત કરી છે, જેનું ઓડિયો રેકોર્ડિંગ મારી પાસે છે. આ સાથે યુવરાજસિંહે અપીલ કરતા જણાવ્યુ કે, સમગ્ર કૌભાંડ મામલે મારી ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સીએમ ભૂપેન્દ્ર પટેલને વિનંતી કરીએ છીએ કે, સત્ય બહાર લાવવા એક SITની રચના કરવામાં આવે.

૨૪ કલાકમાં ૧.૭૯ લાખ નવા કેસ, ૧૪૬ દર્દીઓએ તોડ્યો દમ

નવીદિલ્હી,

ભારતમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસોને કારણે દેશભરમાં ભય ફેલાયો છે. બે અઠવાડિયા પહેલા સુધી જ્યાં લોકો સામાન્ય જીવન જીવતા હતા. તે જ સમયે, હવે તેઓ ફરીથી ઘરોમાં કેદ થવાની ફરજ પડી છે. દેશભરમાંથી દરરોજ કોરોનાના રેકોર્ડ નવા કેસ સામે આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાયરસના ૧,૭૯,૭૨૩ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ સમય દરમિયાન ૪૬,૫૬૯ દર્દીઓ સાજા થયા હતા અને ૧૪૬ લોકોના કોરોનાથી મોત થયા હતા.

મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને ઉત્તર પ્રદેશમાંથી કોવિડ-૧૯ના ડરામણા આંકડા સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના ૪૪,૩૮૮ નવા કેસ નોંધાયા છે. જ્યારે દિલ્હીમાં સંક્રમણના ૨૨,૭૫૧ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭,૬૯૫ નવા કેસ જોવા મળ્યા છે. પશ્ચિમ બંગાળની વાત કરીએ તો, ત્યાં ૨૪,૨૮૭ નવા કેસ નોંધાયા છે અને તમિલનાડુમાં ચેપના ૧૨,૮૯૫ નવા કેસ નોંધાયા છે.

ભારતમાં મળી આવેલા કુલ કેસોમાંથી, આ ૫ રાજ્યોમાંથી ૬૪.૭૨% નવા કેસ મળી આવ્યા છે. આ સિવાય એકલા મહારાષ્ટ્રમાં ૨૪.૭% કેસ જોવા મળ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૪૬ લોકોના મોત થયા છે. ભારતમાં કોરોના મહામારીને કારણે અત્યાર સુધીમાં ૪,૮૩,૯૩૬ લોકોના મોત થયા છે.છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો કેરળમાં સૌથી વધુ મૃત્યુ (૪૪) થયા છે. આ સિવાય પશ્ચિમ બંગાળમાં કોરોનાને કારણે ૧૮ લોકોના મોત થયા છે.દેશમાં ૪૬,૫૬૯ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં ૩,૪૫,૦૦,૧૭૨ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. દેશમાં એક્ટિવ કેસ વધીને ૭,૨૩,૬૧૯ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૧,૩૩,૦૦૮ કેસનો વધારો થયો છે. તે જ સમયે, રસીની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં ૨૯,૬૦,૯૭૫ ડોઝ લાગુ કરવામાં આવ્યા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૧૫૧ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

દેશના સૌથી વધુ સંક્રમિત બે રાજ્યો મહારાષ્ટ્ર અને દિલ્હીમાં મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ સંક્રમિત થઈ રહ્યા છે. મુંબઈમાં અત્યાર સુધીમાં છેલ્લા ૪૮ કલાકમાં ૧૧૪ પોલીસકર્મીઓ કોરોનાથી સંક્રમિત જોવા મળ્યા છે. જ્યારે આ દરમિયાન બેએ કોરોનાથી જીવ ગુમાવ્યો હતો. તે જ સમયે, મુંબઈમાં અત્યાર સુધીમાં ૫૨૩ પોલીસકર્મીઓ સંક્રમિત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે મુંબઈમાં ૧૮ આઈપીએસ ઓફિસરો કોરોનાથી સંક્રમિત થયા છે. તે જ સમયે, દિલ્હીમાં ૩૦૦ થી વધુ પોલીસકર્મીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. આમાં ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ છે. જેમાં દિલ્હી પોલીસના જનસંપર્ક અધિકારી, એડિશનલ કમિશનર ચિન્મય બિસ્વાલ જેવા વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

રાજ્યમાં કાતિલ ઠંડીનો માર, ઉત્તરાયણ બાદ ૧૬ થી ૧૮ જાન્યુ.માવઠાની આગાહી

અમદાવાદ,

રાજ્યની જનતા પર આગામી દિવસોમાં કાતિલ ઠંડી અને કમોસમી વરસાદ એમ મોસમનો બેવડો માર પડી શકે છે. આગામી બે દિવસ દરમિયાન કચ્છ, અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણમાં કાતિલ ઠંડી પડવાની આગાહી છે. તો ઉત્તરાયણનો તહેવાર પૂર્ણ થતા તુરંત રાજ્યના અનેક વિસ્તારોમાં માવઠાની મુસીબત ત્રાટકી શકે છે. ગુજરાતમાં આગામી બે દિવસમાં હવામાન વિભાગે કોલ્ડ વેવની આગાહી કરી છે. ઉત્તર ભારતના પહાડોમાં ભારે બરફવર્ષાને પગલે ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાતા કોલ્ડવેવની આગાહી કરાઈ છે.

હવામાન વિભાગના મતે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર અને અમદાવાદમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળશે. બનાસકાંઠા અને પાટણના સરહદી વિસ્તારમાં હાડ થિજાવતી ઠંડી પડશે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છેઆ સાથે તાવ અને શરદીના દર્દીઓ, ગર્ભવતી મહિલાઓ, સિનિયર સિટિઝન્સ સહિતના લોકોને કોલ્ડવેવની અસરથી તકલીફ થવાની પણ ચેતવણી આપી છે. આ તકલીફો વાળા લોકોને ઠંડી બચવા હવામાન વિભાગે સ્વેટર સહિતના પ્રિકોશન્સનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

હવે ઉત્તરાયણના આડે પણ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ દિવસો બાકી રહ્યાં છે. ત્યારે ઉત્તરાયણના બે દિવસમાં ગુજરાતીઓ બરાબરના ઠૂંઠવાશે. કાતિલ ઠંડીના કારણે લોકોને સવારના સમયે પતંગ ચગાવવાની મજા નહીં આવે. જેવી ઉત્તરાયણ પુરી થશેએટલે ફરીવાર ૧૬થી ૧૮ જાન્યુઆરી સુધી માવઠાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લુ માવઠુ હજુ બે દિવસ પહેલાજ ગયુ છે. ત્યા ફરીએકવાર માવઠાની આગાહીએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે.

સાર્વજનિક ક્ષેત્રની બેંકોના ખાનગીકરણના વિરોધમાં દેશભરમાં બેંકોના કર્મચારીઓ ફરી હડતાળ પર જશે

નવીદિલ્હી,

સાર્વજનિક ક્ષેત્રની બેંકોના ખાનગીકરણના વિરોધમાં દેશભરમાં બેંકો ફરી હડતાળ પર જશે. અખિલ ભારતીય બેંક કર્મચારી એસોસિયેશનની કેન્દ્રીય કમિટીએ આ હડતાળમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. આ હડતાળ ૨૩ અને ૨૪ ફેબ્રુઆરીના રોજ થશે. આ વખતે હડતાળમાં દેશભરની બધી સરકારી અને પ્રાઈવેટ બેંકોના કર્મચારીઓ સામેલ થશે. યૂનાઈટેટ ફોરમ ઓફ બેંક યૂનિયન્સે બે સરકારી બેંકોના ખાનીકરણના વિરોધમાં ૧૫ અને ૧૬ માર્ચ ૨૦૨૧ના રોજ હડતાળ કરી હતી. આ પછી ૧૬ અને ૧૭ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ બેંકિંગ કાનૂન (સંશોધન) વિધેયક ૨૦૨૧ના વિરોધમાં હડતાળ કરી હતી.

સંગઠનના મહાસચિવ સીએચ વેંકટચલમે બધા સંબંધિત બેંક એસોસિયેશન અને સદસ્યોને એક પરિપત્ર જાહેર કરીને આ જાણકારી આપી અને આ હડતાળમાં સામેલ થવા માટે તૈયાર રહેવા કહ્યું છે. એસોસિયેશનના મતે આ ફક્ત લોકોના જીવન બચાવવાની લડાઈ નથી પણ આ દેશની અર્થવ્યવસ્થાને બચાવવા માટે પણ કરવામાં આવી રહ્યું છે.સાર્વજનિક ક્ષેત્રની બેંકોના ખાનગીકરણને લઈને સરકારની યોજનાના વિરોધમાં બેંક યૂનિયને ગત મહિને ૧૬ અને ૧૭ ડિસેમ્બરે હડતાળ કરી હતી. ત્યાર બેંકની હડતાળની અસર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા,પંજાબ નેશનલ બેંક,સેન્ટ્રલ બેંક અને આરબીએલ બેંકના કામકાજ પર અસર પડી હતી. ચેક ક્લિયરન્સ, ફંડ ટ્રાન્સફર, ડેબિટ કાર્ડ સાથે જોડાયેલા કામ અટકી ગયા હતા.

સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ગ્રાહકો માટે મહત્ત્વના સમાચાર છે. ૧ જાન્યુઆરીથી પહેલા જ એટીએમમાંથી પૈસા ઉપાડવાના ચાર્જમાં વધારો થઈ ગયો છે. હવે જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા પહેલી ફેબ્રુઆરી ૨૦૨૨થી વધુ એક ચાર્જ વધારવા જઈ રહી છે. એસબીઆઈના ગ્રાહકોને એક મોટો ઝટકો લાગવા જઈ રહ્યો છે. એસબીઆઈ પહેલી ફેબ્રુઆરીથી આઈએમપીએસ અંગેના નિયમોમાં ફેરફાર કરવા જઈ રહી છે. જેમાં એક બાજુ તમને ફાયદો થશે તો બીજી બાજું નુકસાન થવાની સંભાવના છે.

એસબીઆઈના જણાવ્યા પ્રમાણે બે લાખથી પાંચ લાખ રૂપિયા આઈએમપીએસ મારફતે ટ્રાન્સફર કરવા માટે ૨૦ રૂપિયા જીએસટી ચાર્જ લાગશે. ભારતીય રિઝર્વ બેંકે ઓક્ટોબર ૨૦૨૧ના રોજ આઈએમપીએસમારફતે રકમ ટ્રાન્સફર કરવાની મર્યાદા બે લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરી દીધી છે. એટલે કે રિઝર્વ બેંકે મર્યાદા વધારતા હવે દિવસમાં ૨ લાખ રૂપિયાને બદલે પાંચ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી શકાય છે.

સુપ્રીમ કોર્ટના વકીલોને મળી ખાલિસ્તાની સમર્થકોની ધમકી

નવીદિલ્હી,

આશરે ડઝન જેટલા વકીલોએ દાવો કર્યો છે કે, તેમને ધમકી ભર્યા કોલ મળી રહ્યા છે. વકીલોનું કહેવું છે કે, આ ફોન કોલ્સ તેમને શિખ ફોર જસ્ટીસ અને ઈંગ્લેન્ડના નંબર પરથી આવી રહ્યા છે.

ફોન કોલ્સમાં વકીલોને કહેવામાં આવી રહ્યું છે કે, તેઓ ખેડૂતો અને પંજાબના શિખો વિરૂદ્ધના મુકદમા દરમિયાન સુપ્રીમ કોર્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મદદ ન કરે. તો આ સાથે જ ધમકી ભરેલા ફોન કોલ્સની ઓડિયો ક્લીપ પણ સામે આવી છે. જેમાં સુપ્રીમ કોર્ટના વકીલ વિષ્ણુ શંકર જૈનને ધમકી ભરેલા કોલ આવી રહ્યા છે. જો કે, આ રેકોર્ડિંગ મામલે હાલ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

નો માસ્ક, નો એન્ટ્રી નું વાતાવરણ બનાવો : અશોક ગહલોત

જયપુર,

મુખ્યમંત્રી અશોક ગેહલોતે પીએમ નરેન્દ્ર મોદી પાસે માંગ કરી છે કે કોરોનાના વધતા કેસોને લઈ બાળકોની વેક્સિનેશન જલ્દી થવું જોઈએ. ગેહલોત મોદીને પત્ર પણ લખશે. મુખ્યમંત્રી ગેહલોતે કહ્યું કે બેદરકારીનું પરિણામ ભોગવવું પડશે. એમના ઓફિસરોને કહ્યું કે,નો માસ્ક,નો એન્ટ્રી નું વાતાવરણ બનાવો, ૩૧ જાન્યુઆરી પછી આપણે કડકાઈ દાખવવી પડશે. પ્રદેશમાં નો માસ્ક નો એન્ટ્રી કરશું. એના માટે ગાઈડલાઈન આવશે. ગૃહ સચિવ અભય કુમારે સીએમ ગેહલોતની બેઠકની સ્થિતિ જણાવી. કોરોના અને રસીકરણને લઈને સાંજે તેમના નિવાસસ્થાનેથી વીસી દ્વારા આયોજિત બેઠકમાં ગેહલોતે કહ્યું કે અમે પીએમ મોદી પાસે બૂસ્ટર ડોઝની માંગણી કરી હતી, અમારી માંગ પર બૂસ્ટર ડોઝની માંગ પૂરી થઈ. તેમણે કહ્યું કે ૪૦ દેશોમાં નાના બાળકોનું રસીકરણ શરૂ થઈ ગયું છે. તેમણે કહ્યું કે માત્ર રસી જ તેનું રક્ષણ કરી રહી છે. આપણે જોયું કે બીજી લહેરમાં કેટલા લોકોના જીવ ગયા. ગેહલોતે કહ્યું કે અમેરિકામાં ખૂબ જ ખરાબ સ્થિતિ છે, દરરોજ ૧૦ લાખ કેસ સામે આવી રહ્યા છે. ગેહલોતે રાજ્યના લોકોને હાકલ કરી હતી કે તમામ લોકોએ બીજો ડોઝ લેવો જોઈએ જેથી જીવન સુરક્ષિત રહી શકે. ગેહલોતે કહ્યું કે હું પોતે પીડિત છું, કોવિડ પછી મારા સ્ટંટ લાગ્યા હતા, કોવિડ પછી જે પણ બીમારીઓ છે. ગેહલોતે કહ્યું કે ત્રીજી લહેર વધુ ખતરનાક નથી કારણ કે રસીએ આપણને બચાવ્યા છે. ગેહલોતે કહ્યું કે તેઓ શાળાઓ અંગે ઉતાવળમાં નિર્ણય લેશે નહીં પરંતુ જનતાના હિતમાં નિર્ણય લેશે. મુખ્યમંત્રી ગેહલોતે કહ્યું કે તમામ જિલ્લાઓએ રસી માટે એકબીજાની વચ્ચે સ્પર્ધા કરવી જોઈએ, હું કોવિડ પછી વધુ ચિંતિત છું.

એસએફજેએ સ્વીકારી વડાપ્રધાનની સુરક્ષામાં ચુકની જવાબદારી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક મામલે નવો વળાંક સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસની તપાસ માટે સમિતિ રચવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યાર બાદ સુપ્રીમ કોર્ટના ૫૦ કરતાં પણ વધારે વકીલોને આંતરરાષ્ટ્રીય નંબરથી ફોન કરવામાં આવ્યા છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ ફોન કોલ વડાપ્રધાન મોદીની સુરક્ષામાં જે ચૂક થઈ હતી તેના સાથે સંબંધીત હતા. શીખ ફોર જસ્ટિસએ ફોન કરીને વડાપ્રધાનની સુરક્ષામાં છીંડુ પાડવાની જવાબદારી સ્વીકારી છે. થોડા દિવસો પહેલા લુધિયાણા કોર્ટમાં થયેલા બ્લાસ્ટ પાછળ પણ શીખ ફોર જસ્ટિસ સંગઠનનો હાથ હતો. હુમલાના આરોપી જસવિંદર સિંહ મુલ્તાનીની જર્મની ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. જસવિંદર સિંહ મુલ્તાની 'શીખ ફોર જસ્ટિસ' સાથે સંકળાયેલો છે. ઉલ્લેખનીય છે કે, શીખ ફોર જસ્ટિસ એક ખાલિસ્તાની સંગઠન છે. આ સંગઠનને ભારત સરકાર પ્રતિબંધિત કરી ચુકી છે. સંગઠનનું હેડક્વાર્ટર અમેરિકામાં છે અને આ સંગઠનના અનેક સદસ્ય એનઆઈએની રડાર પર છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કટારીયા અનિલકુમાર પરસોત્તમદાસ

મુ. બાલાસિનોર, તા. મહીસાગર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગણપતસિંહ વી. સોલંકી

મુ. ગુઢના મુવાડા, તા. બાલાસિનોર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પંકજકુમાર એસ. મહેરા

મુ. રથોલી, તા. બાલાસિનોર

ઓન લાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા-૩૫ સને : ૨૦૨૧-૨૨
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસે રસ્તાઓની મરામતનાં બે કામો અને મકાનોની મરામતનાં ચાર કામો માટે ઓનલાઈન ટેન્ડરો, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.પ.૮૩ લાખ થી ૨૯.૨૫ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૨૭.૧.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૨૭.૧.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાંધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૮૩૧/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

સંતરામપુર મોહમંદ સોસાયટીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરની કારગિલ પેટ્રોલ પંપની સામે મોહમ્મદ સોસાયટી માં બંધ મકાનમાં તાળા તૂટ્યા સોસાયટી વિસ્તારના રહીશો ઊંઘતા રહ્યા અને ચોરો હાથ સાફ કરી ગયા સંતરામપુર નગરન આવેલી મોહમ્મદી સોસાયટીમાં સંખ્યાબંધ રહીશો આ સોસાયટી વિસ્તારમાં રહેતા રહે છે અને કારગિલ પેટ્રોલ પંપની સામે નો મુખ્ય રસ્તો સતત ધમધમતો રહે છે. તેમ છતાંય રાતના સમયે ચોર બંધ મકાનનો લાભ લઈને તાળા તોડીને ઘરની અંદર પ્રવેશ કરી ચારે બાજુ તિજોરી પલંગ અને મકાનની અંદરની ઉપર નીચે ફરી વળી ઘરની અંદર સાડા ત્રણ લાખ રોકડા અને બે લાખના સોના ચાંદીના દાગીના જ્યારે બીજા ઘરની અંદર ૧૭ હજાર રોકડા ની ચોરી કરી હતી. બંધ મકાનનો લાભ લઈને ચોરો અંદર ઘૂસીને તાળું તોડી હાથ સાફ કરી ગયા અચાનક આવી ચોરીની ઘટના બનતા જ સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવાઈ રહ્યો છે સોસાયટી વિસ્તારના પાછળના ભાગ ખુલ્લુ હોવાના કારણે અને કાળીયા નરસિંગપુર નદી પાસે એ વિસ્તારમાંથી ઘણા સમયથી કેટલાક અસામાજીક તત્વ પસાર થતા હોય છે અને ખુલ્લો વિસ્તાર હોવાના કારણે આ સોસાયટીમાં પ્રવેશ કરીને ચોરોએ બંધ મકાનનો લાભ લઈને ચોરી કરી ગયા ઘર માલિક ઘર બંધ કરીને પોતાના બીજાના એકબીજા સામે ઘરે ગયા હતા સવારે આવીને જોતા તો મકાનનું તાળુ તૂટી ગયું હતું અને ઘરની અંદર બધો સામાન વિખરાઈ ગયું હતું આવું ઘરની અંદર જોતા જ ઘરના માલિકે આજુબાજુના રહીશોને જાણકારી અને તપાસ દરમિયાનની અંદર આગળની ભાગમાં બીજા મકાન એ બતાડો તૂટેલું હતું. બીજા મકાનમાંથી રૂપિયા ૧૭ હજાર રોકડા ની ચોરી કરી હતી. સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ઈલિયાસભાઈ મજીદભાઈ ઘાંચી અને ફારૂકભાઈ સલામભાઈ પૂજા આ બંને મકાનની ચોરીના મકાનમાલિકે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી, પરંતુ આવી ઘટના બનતા જ સોસાયટી વિસ્તારોની રહીશોની પોલીસ પોઈન્ટ મુકવામાં માટે માગણી કરી હતી અને રાતના સમયે સતત પેટ્રોલિંગ થાય તેઓ સોસાયટી વિસ્તારના રહીશો ઈચ્છી રહ્યા છે. હવે ધીરે ધીરે સંતરામપુર નગરમાં ચોરીના બનાવો વધતા જાય છે.

પંચમહાલ જિલ્લાની ગોધરા ખાતે મજુર અદાલત દ્વારા

શ્રમયોગીને પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરી થી મૂળ જગ્યાએ પુન : સ્થાપિત કરવા અંગેનો આદેશ કરતા કામદારોમાં હર્ષની લાગણી

ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત કચેરી ગોધરાના તાબા હેઠળ ચાલતા તાલુકા હેલ્થ ઓફિસર રેફરલ હોસ્પિટલ ની બાજુમાં હાલોલ મુકામે આવેલ આવેલ ચાઈલ્ડ ડેવલપમેન્ટ એન્ડ ન્યુટ્રીશીયન વિભાગમાં ભરતીની પ્રક્રિયા ધ્યાને લઈ શ્રીમતી ઈલાબેન ડી. મેકવાનને તેમની જરૂરી શૈક્ષણિક લાયકાતો ધ્યાને લઈ રસોયા કમ સહાયક મદદનીશ તરીકે તારીખ ૨૪/૭/૦૯ થી નિમણૂંક આપવામાં આવેલ નોકરીની દાખલ તારીખ થી મેકવાને પોતાની ફરજ ખૂબ ખંત અને ઈમાનદારીપૂર્વક બજાવવાનું શરૂ કરેલ આમ તેઓના નોકરીના સળંગ પાંચ વર્ષ પૂર્ણ થતા તેઓએ સરકારના નિયત કરેલ નિયમોનુસાર કાયમી કામદાર તરીકેની તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ નિમણૂક મેળવવા માટે માંગણી કરતા એ બાબતની કિન્નાખોરી રાખી અરજદાર ને કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય ગ્રાન્ટ ન હોવાના બહાના હેઠળ તારીખ ૧/૧૧/૧૪ થી મૌખિક હુકમથી તેમની નોકરીમાંથી છૂટા કરી દેતા તેઓએ નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ દ્વારા ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯ ૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પગાર સહિત તેમની મૂળ જગ્યાએ સ્થાપિત કરવા માટે રેફરન્સ ટી નંબર ૫/૧૮ દાખલ કરવામાં આવે જે કેસ ચાલી જતા ફેડરેશનના એડવોકેટ એસ.એ ભોઈ તથા વૈભવ આઈ. ભોઈ દ્વારા અદાલત સમક્ષ દલીલો કરતા નામદાર મજુર અદાલત ગોધરાના ન્યાયાધીશ ડી.જે. વ્યાસ આ કેસમાં પડેલા પુરાવાના આધારે અરજદારને પડેલા દિવસોના પગાર સહિત તેમની સળંગ નોકરી ઘણી અનુ સંગીત લાભો સાથે મૂળ જગ્યાએ પ્રસ્થાપિત કરવા તથા રેફરન્સ પેટે રૂપિયા ૫૦૦૦ ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવેલ છે. આ હુકમનું પાલન એવોર્ડ પ્રસિદ્ધ થાય છે. દિન ૩૦ માં કરવાનું રહેશે. જે થકી કામદાર આલમમાં આનંદ છવાયો છે.

દે.બારીયાના નાડતોડ ગામે બાઈક ઉપર લઈ જવાતો ૭૯ હજાર રૂપીયા દારૂ સાથે બે ઈસમ ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં દેવગઢ બારીયા તાલુકાના નાડતોડ ગામેથી પોલીસે મોટસાયકલ પર વિદેશ દારૂની હેરાફેરી કરતો ૧ ઈસમને ઝડપી પાડી કુલ રૂપિયા ૭૯,૨૦૦ ના પ્રોહી જથ્થા સાથે મોટસાયકલ ચાલકની અટકાયત કરી કુલ ૨ વ્યકિતઓ વિરૂદ્ધ પોલીસે ગુનો દાખલ કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૯ જાન્યુઆરીના રોજ નાડાતોડ ગામે પોલીસ નાકાબંધીમાં ઊભી હતી. તે સમયે ત્યાંથી મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કથીવાડા ખાતે રહેતો ગુલસિંગભાઈ ઉર્ફે ગુલાબ કનેશ પોતાના કબજાની મોટસાયકલ લઈ પસાર થઈ રહ્યો હતો. ત્યારે પોલીસને સંકા જતા તેને ઊભો રાખ્યો હતો અને તેની પાસેના કંતાનના થેલાઓમાં તલાસી હાથ ધરતા તેમાંથી પોલીસે વિદેશી દારૂની કુલ બોટલ નંગ. ૬૪૮ કિંમત રૂપિયા ૭૯,૨૦૦/- ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત ચાલકની અટકાયત કરી પોલીસે તેની પૂછપરછ કરતા અન્ય ૧ વ્યકિત અને પોતાના ગામમાં રહેતો રોહિતભાઈ કનીયાભાઈની મદદથી આ વિદેશી દારૂની હેરાફેરી કરતો હોવાનું સામે આવ્યું હતું.

આમ, સાગટાળા પોલીસે ઉપરોક્ત બંને ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હેલ્થ ટીપ્સ

શિયાળામાં રોજ લાલ જામફળ ખાવાથી અનેક ફાયદાઓ થાય છે

જામફળ સ્વાસ્થ્ય માટે લાભકારી ફળમાંથી એક છે. શિયાળામાં તો રોજ એક જામફળ ખાવું જ જોઈએ. જામફળમાં જે વિટામિન અને ખનીજ તત્વો હોય છે તે શરીરને અનેક બીમારીઓથી બચાવે છે.

જામફળમાં વિટામીન, મિનરલ્સ પૂરતા પ્રમાણમાં હોય છે. આ ફળ અનેક બીમારીઓને દૂર કરવા માટે રામબાણ સાબિત થઈ શકે છે. જામફળમાં વિટામિન બી૯ હોય છે જે શરીરના ડીએનએ અને સ્નાયૂઓને સુધારવાનું કામ કરે છે.

જામફળનું સેવન કરવાથી તમારા શરીરની રોગ પ્રતિકાર શક્તિ વધે છે. જો તમને વારંવાર શરદી કે ઉધરસ થતા હોય તો જામફળ ખાવાનું શરૂ કરો. તમારી તકલીફ દુર થઈ જશે. જામફળમાં વિટામિન એ અને ઈ હોય છે જે સ્વાસ્થ્ય અને ત્વચાને લાભ કરે છે. તેનાથી આંખ અને ત્વચાને પોષણ મળે છે.

પેટની બીમારીઓ માટે જામફળ ચમત્કારી ઔષધિ સમાન સાબિત થાય છે. જામફળનું સેવન નિયમિત કરશો તો કબજિયાત, ગેસ, અપચો જેવી તકલીફો દૂર થઈ જશે. પાચન સંબંધી સમસ્યા જેને હોય તેમણે રોજ જામફળનું સેવન કરવું જોઈએ. બાળકો માટે પણ જામફળ ખૂબ લાભકારી સાબિત થાય છે.

જામફળ કેન્સર અને ટ્યૂમરના જોખમને દૂર કરે છે. તેમાં લાઈકોપીન ફાઈટો ન્યૂટ્રિએંટ્સ હોય છે જે શરીરને કેન્સર અને ટ્યૂમરના જોખમથી બચાવે છે. આ ફળ શરીરમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ પણ નિયંત્રિત કરે છે.

લુણાવાડા ખોડીયાર મંદિર પાસેથી ચાઈનીઝ દોરી સાથે એક ઈસમને પોલીસે ઝડપ્યો

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના લુણાવાડા ખોડીયાર મંદિર પાસે રહેતા ઈસમ પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૮ ફિરકા સાથે ઝડપી પાડવામાં આવ્યો. ઉત્તરાયણના પર્વ ઉત્સાહ અને ઉમંગનો તહેવાર છે. આવા તહેવારમાં પ્રાણઘાતક ચાઈનીઝ દોરીથી કેટલાય નિર્દોષ લોકો તેમજ પક્ષીઓ જીવ ગુમાવતા હોય છે. આ ચાઈનીઝ દોરી ઉપર સરકાર દ્વારા પ્રતિબંધિત કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ઉત્તરાયણના પર્વને માંડ ત્રણ-ચાર દિવસ બાકી હોય ત્યારે ચોરી છુપીથી ચાઈનીઝ દોરી વેચતા ઈસમોને ઝડપી પાડવા પોલીસ સર્તક બની છે. મહિસાગર જિલ્લામાં ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ કરતું જાહેરનામું હોવા છતાં દોરી વેચાતી હોય તેવા સ્થળો પોલીસ કાર્યવાહી કરતું હોય છે. પોલીસને માહિતી મળી હતી કે, લુણાવાડા ખોડીયાર મંદિર પાસે રહેતા નરેશ દિલીપભાઈ દંતાણી ચાઈનીઝ દોરીના ફિરકા રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચાઈનીઝ દોરીના ૧૮ ફિરકા કિંમત ૯,૦૦૦/-રૂપીયાના જથ્થા ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરા આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડએ લીધો કોવિડ રસીનો બુસ્ટર ડોઝ

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

રસીકરણ જ કોરોના સામે લડવાનું અમોઘ શસ્ત્ર છે. સૌના નિરોગી આરોગ્ય, સલામતી અને સુરક્ષાના મંત્ર સાથે ગુજરાત રસીકરણમાં સતત આગળ વધી રહ્યું છે. ત્યારે ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને પ્રથમ ડોઝ તથા જેઓને પ્રથમ અને બીજો ડોઝ બાકી છે. તેવા અને ૬૦+ વર્ષની બુસ્ટર ડોઝ લેવાની યોગ્યતા ધરાવતા સૌ નાગરિકોને રસીકરણ કરાવી ગુજરાત અને ભારતને કોરોનામુક્ત બનાવાના અભિયાનમાં સહભાગી થવા નમ્ર અપીલ છે.

ઝાલોદ તાલુકાના લીમડી બસ સ્ટેશન ખાતેથી ૨ મહિલા પાસેથી પોલીસ પ્રોહી જથ્થો ઝડપ્યો

દાહોદ,

ગત તા.૯ જાન્યુઆરીના રોજ લીમડી બસ સ્ટેશન ખાતે કસુબેન કસનાભાઈ ડામોર (રહે. નાનીખરજ, કોતર ફળિયું, તા. દાહોદ) અને ટીટીબેન ચંદુભાઈ ડિંડોર (રહે. મલવાસી, તળાવ ફળિયું, તા. ઝાલોદ) આ બંને મહિલાઓ પોતાની સાથે થેલાઓમાં વિદેશી દારૂ લઈ ઊભી હતી. તે સમયે પોલીસને મળેલ બાતમીના આધારે લીમડી બસ સ્ટેશન પોહચી ઉપરોક્ત બંને મહિલાઓ પાસેના થેલાઓની તપાસ કરતા થેલાઓમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧૯૮ કિંમત રૂપિયા ૨૭,૬૬૦ ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત બંને મહિલાઓની અટકાયત કરી લીમડી પોલીસ પ્રોહિનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જિલ્લામાં ૨૦ જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચલાવશે

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચલાવશે. જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જણાવ્યું કે, ઉત્તરાયણના પર્વ દરમિયાન નાગરિકોએ ચાઈનીઝ દોરી-તુક્કલનો ઉપયોગ કરવો જોઈએ નહીં. વહેલી સવારે તેમજ મોડી સાંજના સમયે પતંગ ચઢાવવા ન જોઈએ. તહેવાર અવશ્ય ઉજવીયે, પરંતુ પક્ષીઓનું પણ ધ્યાન રાખીયે.

બેઠકમાં જિલ્લા પશુપાલન અધિકારી ડો. કમલેશ ગોસાઈએ કરૂણા અભિયાન અંતર્ગત કરવામાં આવેલા આયોજનની માહિતી આપી હતી. જિલ્લામાં ઉક્ત સમય દરમિયાન જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ પક્ષીઓને બચાવવા માટેના સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. વિવિધ સ્થળોએ જનજાગૃતિ માટે બેનરો તથા પોસ્ટર લગાવ્યા છે. આ અભિયાનમાં ખાનગી સંસ્થાઓને પણ જોડવામાં આવી છે. દાહોદના પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા ખૂબ ઉંચાઈએથી ફસાયેલા પક્ષીને બચાવવા વિશેષ આયોજન કરાયું છે.

દરેક તાલુકા અને પશુ દવાખાના ખાતે ઘાયલ પક્ષીઓની સારવાર માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. વન વિભાગ સાથે સંકલન કરીને પશુ-પક્ષીઓની સારવાર માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લાની પશુપાલન શાખા દ્વારા ૯ જેટલી ઈમરજન્સી વાન તૈયાર રાખવામાં આવી છે.વનવિભાગની ૧૦ ટીમો આ અભિયાનમાં જોડાશે. જિલ્લામાં શરૂ કરવામાં આવેલી ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ પણ તાત્કાલિક સારવાર માટે ઉપલબ્ધ રહેશે. પશુ દવાખાના દાહોદ ખાતે જિલ્લાકક્ષાનો કંટ્રોલરૂમ પણ શરૂ કરાયો છે.આ કંટ્રોલ રૂમનો નંબર ૦૨૬૭૩-૨૨૧૨૬૬ છે.

બેઠકમાં વનવિભાગના અધિકારી સહિતના અધિકારીઓ પક્ષીઓ માટે કાર્યરત ખાનગી સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતાં.

મહિસાગર જીલ્લામાં સોમવારના રોજ ૨૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૨૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. સાથે જીલ્લામાં એકટીવ દર્દીની સંખ્યા ૮૮ સુધી પહોંચી છે.

મહિસાગર જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના સંક્રમણ અજગરી ભરડો લઈ રહ્યું હોય તેમ જણાઈ આવ્યું છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ સર્તક બન્યું છે. લોકોને માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી રહ્યું છે. સાથે કોરોનાથી રક્ષણ આપતી કોરોના વેકસીન લેવા માટે જાગૃતા અભિયાન ચલાવી રહી છે. તેમ છતાં મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૨૨ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાયા છે. જ્યારે જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૮૮ ઉપર પહોંચી છે. આજરોજ ૭ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે.

શહેરા તાલુકાના ભેંસાલ ગામ પાસેથી એકટીવા ઉપર લઈ જવાતો ૧૪ હજારનો દારૂ ઝડપ્યો

શહેરા,

શહેરા તાલુકાના ભેંસાલ રોડ ઉપર મંગલીયાણા ગોપી ફળીયા જવાના રસ્તા ઉપર પોલીસની પેટ્રોલીંગ દરમિયાન એકટીવા ઉપર દારૂનો જથ્થો લઈ પસાર થતો હોય જે પોલીસને દેખી વાહન છોડી નાશી છુટીયો પોલીસ તપામાં એકટીવા ઉપર લઈ જવાતો ૧૪,૮૮૦/- રૂપીયાનો દારૂ એકટીવા મળી ૬૪,૮૮૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ભેંસાલ રોડ ઉપર મંગલીયાણા ગોપી ફળીયા જવાના રસ્તા ઉપર શહેરા પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન એકટીવા ઉપર દારૂનો જથ્થો લઈ પસાર થતો હોય પોલીસને દેખી એકટીવા સ્થળ ઉપર છોડી અંધારામાં નાશી છુટીયો હતો. પોલીસે એકટીવામાં લઈ જવાતા ઈંગ્લીશ દારૂ કવાટરીયા, બીયર ટીન મળી ૧૪,૮૮૦/-રૂપીયાનો જથ્થો તેમજ એકટીવા ૫૦ હજારની મળી ૬૪,૮૮૦/-રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવી. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરાના અણિયાદ ગામે યુવા ક્ષત્રિય સેના દ્વારા મિંટીગનું આયોજન

શહેરા,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના અણીયાદ ગામે યુવા ક્ષત્રિય સેના દ્વારા એક મિંટીગનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમા ક્ષત્રિય સમાજના યુવાનો-વડીલો હાજર રહ્યા હતા. આ મિંટીગમાં સમાજનો વિકાસ થાય, વધુમાં સમાજમાં ચાલતા કુરિવાજો દૂર કરવા તેમજ વ્યસનોથી યુવાવર્ગને દુર રહેવા,સમાજ શિક્ષણ ક્ષેત્રમાં આગળ આવે, સંગઠનની એકતા થાય તે સહિતના પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મિંટીંગમાં પંચમહાલ પ્રમુખ ગોપાલસિંહ દરબાર,પંચમહાલ સંગઠન મંત્રી નરેન્દ્રસિંહ પરમાર,પંચમહાલ જિલ્લા ઉપપ્રમુખ હિતેશસિંહ રાજપૂત, શહેરા તાલુકા પ્રમુખ વિશાલસિંહ સહિત ક્ષત્રિય સમાજના યુવાનો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, યુવા ક્ષત્રીય સેના સમાજ આગળ વધે, સમાજના લોકો જાગૃત, શિક્ષીત બને બને, સંગઠીત બને તે દિશામાં સરાહનીય કામગીરી કરી રહ્યુ છે. સમાજમાંથી પણ સારો આવકાર અને પ્રતિસાદ મળી રહ્યો છે.

આપની આજ.....

મેષ (અ.લ.ઈ.) : સ્વાસ્થ્ય બાબતે સાચવીને કામ કરવુ, ખોટા નિર્ણયો નુકસાન કરાવશે, નાણાકિય વ્યવહારમાં સાચવવું, પારીવારના કામમાં ધ્યાન આપવુ.

વૃષભ (બ.વ.ઉ.) : સંતાનના સ્વાસ્થ્યમાં કાળજી રાખવી, કામકાજમાં અપજશથી બચવુ, આવકના પ્રમાણમાં જાવક વધશે, કોઈપણ કામમાં બંધાયેલા રહેશો.

મિથુન (ક.છ.ઘ.) : આકસ્મિક ધનલાભના યોગો જણાય છે, લાંબા રોકાણ માટે સમય સાચવવા જેવો છે,પરિવારનો ભરપુર સહયોગ મળશે, મહેનતના પ્રમાણમાં સામાન્ય ફળ મળશે.

કર્ક (ડ.હ.) : વડીલોના આશિર્વાદથી લાભ થશે, કોઈ નજીકના સબંધીથી સહયોગ મળશે, ધંધામાં સારી આવક પ્રાપ્ત થશે, વાહનના યોગ સારા બને છે.

સિંહ (મ.ટ) : ભાગ્યોદય માટે ઉજળી તક મળશે, નિર્ણયો સમજી વિચારીને લેવા, મીત્રો સાથે થોડો મતભેદ જણાશે, મુસાફરીના યોગો જણાય છે.

કન્યા (પ.ઠ.ણ.) : આરોગ્ય બાબતે સાચવવુ, પ્રતિસ્પર્ધીથી સાવધાન રહેવુ, કોઈપણ રોકાણોમાં કાળજી રાખવી, નોકરીયાતને કામમાં મહેનત વધશે.

તુલા (ર.ત.) : ભાગીદારીવાળા કામથી લાભ થશે, ધંધાકિય વ્યવહારોમાં લાભ થશે, દાંપત્યજીવનમાં ચણભણ રહેશે, લેવડ દેવડમાં કાળજીથી કામ લેવુ.

વૃશ્ચિક (ન.ય.) : રોગ અને શત્રુ તરફથી સાવધાન રહેવુ, શેરબજારમાં સારે લાભ થશે, વ્યવસાયમાં નવા કોન્ટ્રાક્ટ મળશે, યાત્રા પ્રવાસના યોગ બને છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : બૌધિકોને મહેનતનુ પરિણામ મળશે, વ્યવસાયમાં નવી તકો મળશે, સમય આપને અનુકુળ બનશે, કામની કદર થાય - માન વધે.

મકર (ખ.જ.) : માતાની સેવાથી લાભ થાય ,પરિવાર સાથે પ્રેમ કેળવાય,સારા કામમાં યાત્રાનુ આયોજન થાય ,ખોટા ખર્ચમાં વધારો થશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : ઘરમા વડીલોથી ઉત્તમ લાભ થશે, સંપતિને લગતા કાર્યોમાં સહયોગ મળશે, વ્યવસાયમાં સામાન્ય સમસ્યાઓ રહેશે, કરેલી મહેનત સારુ ફળ આપશે.

મીન (દ.ચ.ઝ.થ.) : ધનનું સારુ સુખ મળશે, પરિવારમાં તનાવ રહેશે, નાનામોટા રોકાણમાં લાભ થશે, જમીનને લગતા કામમાં ફાયદો થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

ફતેપુરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લોલમલોલ ચાલતો વહીવટ

વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા ની ઓચિંતી મુલાકાતમાં ગંભીર બેદરકારી સામે આવી

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં સોમવારના રોજ વિધાનસભાના દંડક અને ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા એ કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ઓચિંતી મુલાકાત લીધી હતી. જેમાં ગંભીર બેદરકારી સામે આવી હોવાનું જાણવા મળ્યું હતું.

ફતેપુરા તાલુકો રાજસ્થાન રાજ્યની સરહદે આવેલું છે. હાલમાં કોરોના મહામારીની ત્રીજી લહેર મંડાઈ રહી છે. તેમજ શિયાળાની ઋતુ ચાલતી હોવાથી શરદી ખાંસી તાવના સામાન્ય લક્ષણો મોટાભાગના લોકોમાં જોવા મળી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા તમામ આરોગ્ય કેન્દ્રોમાં છેવાડાના વિસ્તારના આરોગ્ય કેન્દ્રમાં પ્રજાને

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

તમામ પ્રકારની સુવિધાઓ મળી રહે તે અર્થે તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં સોમવારના રોજ વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા એ ફતેપુરા તાલુકાના કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેમાં ગંભીર બેદરકારી સામે આવી હતી લોલમલોલ વહીવટ ચાલતો હોવાનું ધ્યાને આવ્યું હતું. મોટાભાગના કેન્દ્રોમાં માત્ર સ્ટાફ નર્સ અને પટાવાળા જ નજીવી સંખ્યામાં જોવા મળ્યા હતા તબીબો ગેરહાજર જોવા મળ્યા હતા સરકાર દ્વારા આપવામાં આવેલ સાધનસામગ્રી અસ્તવ્યસ્ત હાલતમાં જોવા મળી હતી. શૌચાલયમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો. તેમજ જગોલા આરોગ્ય કેન્દ્ર તો બંધ હાલતમાં જોવા મળ્યું હતું. તાળાં લટકતાં જોવા મળતા આશ્ચર્ય સર્જાયું હતું. હાલમાં કોરોના મહામારી ચાલતી હોવા છતાં આરોગ્ય વિભાગની ગંભીર પ્રકારની બેદરકારી સામે આવી હતી. ગ્રામીણ વિસ્તારોમાં સમયમર્યાદામાં તેમજ પૂરતી સુવિધાઓ મળી રહેતી ન હોવાનું સ્થાનિક લોકોએ દંડક રમેશભાઈ કટારા એ જણાવ્યું હતું. આ બાબતે દંડક રમેશભાઈ કટારા દ્વારા લેખિતમાં રિપોર્ટ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

દાહોદ શહેર સહિત જીલ્લા ઉત્તરાયણ પર્વમાં પતંગ રસીયાઓમાં ઉત્સાહ

દાહોદ,

મકરસંક્રાંતિ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યાં દાહોદ શહેર સહિત જિલ્લામાં પતંગ રસીયાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તે સાથે બજારોમાં પતંગ તેમજ દોરીઓનું વેચાણ પણ થતું જોવા મળી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા ઉતરાયણ પર્વની ઉજવણીના ભાગરૂપે અમુક પ્રજાહિતને ધ્યાનમાં રાખી પ્રતિબંધો પણ જાહેર કરવામાં આવ્યાં છે.

આકાશા યુધ્ધનો તહેવાર એટલે મકરસંક્રાંતિ. ગુજરાતમાં મકરસંક્રાંતિ એટલે ઉતરાયણ પર્વનો તહેવારનું ખાસુ

એવું મહત્વ છે. ૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ પર્વની ઉજવણી કરવામાં આવે છે. માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યાં હોય આ તહેવારને લઈ ત્યારે દાહોદના બજારોમાં પતંગ, દોરીના સ્ટોલ લાગી ગયાં છે. પતંગ રસીયાઓ પતંગ, દોરીની ખરીદી પણ કરતાં જોવા મળ્યાં છે. માંજો ચઢાવતાં પણ નજરે પડી રહ્યાં છે. આકાશમાં પતંગો ચગતી પણ નજરે પડી રહી છે. સ્વાદ પ્રિય દાહોદની જનતા ઉતરાયણ પર્વના દિવસે લાખ્ખા જલેબી ફાફડા આરોગી જાય છે ત્યારે બજારોમાં જલેબી ફાફડા બનાવવાની તૈયારીઓ પણ દુકાનોએ કરી દીધી છે. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે પતંગ બજારોમાં મંદી જોવા મળી હતી ત્યારે આ વર્ષે પણ મદહઅંશે પતંગ, દોરીના ભાવોમાં વધારો જોવા મળ્યો હતો ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગ રસીયાઓ પતંગબાજી સાથે આકાશી યુધ્ધ લગડવા સજ્જ જોવા મળી રહ્યાં છે.

દાહોદ જીલ્લામાં ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૨૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાવવા પામ્યાં છે. દાહોદ અર્બન વિસ્તારમાંથી દિનપ્રતિદિન કેસો વધી રહ્યાં છે. આજના ૨૪ કેસો સાથે કુલ એક્ટીવ કેસની સંખ્યા ૧૧૬ને પાર થઈ ચુંકી છે. આર.ટી.પી.સી.આર. ના ૬૪૧ પૈકી ૧૯ અને રેપીટ ટેસ્ટના ૫૫૪ પૈકી ૫ મળી આજે કુલ ૨૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૨૪ પૈકી ૧૯ દાહોદ અર્બન, ૦૧ ઝાલોદ અર્બન, ૦૨ ઝાલોદ ગ્રામ્ય અને ૦૨ દેવગઢ બારીયામાંથી સામે આવ્યાં છે. આજે વધુ ૦૧ દર્દી કોરોનાથી સાજો થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૧૬ને પાર થઈ ચુકી છે. દાહોદ જિલ્લામાં વધતાં કોરોના સંક્રમણના કેસોને લઈ જિલ્લા આરોગ્ય તંત્ર સમેત વહીવટી તંત્રએ કોરોના સંક્રમણને અટકાવવા કામગીરી હાથ ધરી છે.

દે.બારીયા શહેરમાં શૌચાલય બનાવાયા પરંતુ લાભાર્થીઓ અને આમ જનતા માટે તે બિનઉપયોગી ?

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના દ્વારા કલસ્ટર વિસ્તારોમાં લાખો નાણાં ખર્ચ કરીને શૌચાલય લાભાર્થીઓના ઘરોમાં અને આમ જનતા માટે સામૂહિક શૌચાલય ચાર-પાંચ વર્ષ અગાઉ દે.બારીયા નગર પાલિકાના હસ્તક ખાનગી કોન્ટ્રાકટર થતી બનાવવામાં આવ્યા હતા. પરંતુ તે વધારે પડતા શૌચાલય શોભાના ગાંઠિયા સમાન છે. સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગતની ગ્રાન્ટના પૈસા વ્યર્થ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જે શૌચાલય બનાવવામાં જે તે કોન્ટ્રાકટરે બેદરકારી સાથે મટીરીયલ ટેન્ડરોની શરતો અનુસાર વાપરવામાં આવ્યો નથી. શૌચાલયોને સાંકડા કરી વેઠ ઉતારીને કાર્ય પેપરો ઉપર બતાવી દેવાયો હતો. ડબલ બોડીના વ્યકિતને તે શૌચાલયમાં બેસવામાં પણ તકલીફ પડે છે. તેથી ૭૫ % શૌચાલયોમાં કાટમાળ સાથે ભંગાર નાખી બિનઉપયોગી હાલમાં દેખાવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, શૌચાલયો બનાવવા પાછળ લાભાર્થીઓને શૌચક્રિયા માટે બહાર ના જવું પડે ખાસ કરીને મહિલાઓ અને યુવતિઓને ધ્યાને લઈને આ શૌચાલયો બનાવવામાં આવ્યા હતા. પરંતુ તેનો મુખ્ય હેતુ સિધ્ધ થતો હોય તેમ જણાતો નથી અને શહેરમાં ટાવર પાસે બગીચા પાછળ અને સંચાગલ શુક્વારી બજાર સામૂહિક શૌચાલય બનાવાયા હતા. જેમાં બગીચા પાસેનો સૌમ શોપીંગ પાસે શૌચાલય હાલમાં બંધ છે. ખંભાતીયા તાળા લાગેલા છે. તે શૌચાલયોમાં સૌમ ઉપડ બાદ પાણી જોઈએ તેની વ્યવસ્થા પાલિકા દ્વારા કરવામાં આવતી નથી. તેના કારણે જે કોન્ટ્રાકટરમાં બેજ ઉપર લેતા કોન્ટ્રાકટરોના કર્મીઓ શૌચાલયોને હસ્તક લેવા માટે તૈયાર થતા નથી. જેથી નગર પાલિકાના દ્વારા આ તમામ બંધ સામૂહિક શૌચાલયોમાં પાણીની તાત્કાલીક વ્યવસ્થા કરાવે તેવી આમ જનતાની અને જે કોન્ટ્રાકટના બેજ ઉપર લેવા માટે અને જે લીધા પણ છે તેઓની માંગ ઉઠવા પામી છે. હવે એ જોવાનું રહ્યું નગર પાલિકાનું તંત્ર આ સામૂહિક શૌચાલયોમાં પાણીની વ્યવસ્થા કેટલા દિવસોમાં કરશે તે આવનારો સમય બતાવશે.

દે.બારીયાના ટીકડી ગામે ખેતરમાં કામ કરતાં ૨૫ વર્ષીય યુવક ઉપર રીંછે હુમલો કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ટીકડી ગામે આજે વહેલી સવારે ખેતરમાં કામ કરી રહેલા એક ૪૫ વર્ષીય યુવક ઉપર વન્યપ્રાણી રીંછે હુમલો કરતાં વ્યકિતને શરીરે ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. રીંછના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ સાથે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

૧૦મી જાન્યુઆરીના રોજ સવારના ૯ વાગ્યાના આસપાસ દેવગઢ બારીયા તાલુકાના કુવા ગામે રહેતાં લક્ષ્મણભાઈ ભયકાભાઈ પટેલીયા પોતાના ખેતર તરફ જતાં હતાં. તે સમયે વન્ય પ્રાણી રીંછે અચાનક લક્ષ્મણભાઈ ઉપર હુમલો કરતાં લક્ષ્મણભાઈના ખભાના પાછળના ભાગે તથા ઢીંચણ ઉપર તેમજ જમણા હાથના અંગુઠા ઉપર રીંછે નખ મારી ઈજાઓ પહોંચાડી હતી. રીંછના હુમલાને પગલે લક્ષ્મણભાઈએ બુમાબુમ કરી મુકતાં રીંછ જંગલ વિસ્તાર તરફ ભાગી ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને આ અંગે નજીકના વન વિભાગને જાણ કરવામાં આવતાં વન અધિકારીઓ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયાં હતાં. ઈજાગ્રસ્ત લક્ષ્મણભાઈને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે ગ્રામજનોમાં રીછના હુમલાને પગલે ફફડાટ સાથે ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. અગાઉ પણ થોડા દિવસો પહેલા રીંછે હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો હતો.

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ જીલ્લા પંચાયત સીટ વિસ્તારના રસ્તા રિસર્ફેસીંગના કામો મંજુર થયા

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૦/૧/ ૨૦૨૨

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ જિલ્લા પંચાયત સીટ માં આવતા ગલિયાવાડ, ખરેડી, ઉકરડી ત્રણ અલગ અલગ ગામોમાં અંદાજિત ૧૬૦ લાખના પાંચ રસ્તા ના રિસર્ફેસીંગના કામોના ખાત મુર્હૂત કરવામાં આવ્યા. જેમાં જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયતના સભ્ય સુધીરભાઈ લાલપુર વાળા, જિલ્લા ભાજપ મહામંત્રી દાહોદ એપીએમસીના ચેરમેન કનૈયાલાલ કિશોરી, દાહોદ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ હુંખચ્ચર, તાલુકાના આગેવાનો તાલુકા પંચાયત સભ્યો સરપંચો વિજયભાઈ પરમાર, જસવંત ભાઈ સંગાડા,નરેશભાઈ ચૌહાણ, રાકેશભાઈ માવી,લક્ષ્મણભાઈ ભુરીયા, હિમાંશુભાઈ પંચાલ, વિનુભાઈ ખરાડિયા, તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા.

દાહોદ જિલ્લાના પ્રાથમિક શાળાના બાળકો માટે ''વિદ્યાર્થી કાર્યપોથી''નું વિમોચન કરાયું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોમા પાયાનું વાંચન લેખન અને ગણન સ્કીલનો વિકાસ થાય અને બાળકો પાયાના શિક્ષણથી વાકેફ થાય તે માટે જિલ્લાના બાળકો માટે તૈયાર કરવામાં આવેલી વિદ્યાર્થી કાર્યપોથીનું વિમોચન દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, ઉપપ્રમુખ સરતાનભાઈ ચૌહાણ, શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફૂલભાઈ ડામોર, લલિતભાઈ ભુરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

અક્ષરજ્ઞાન અને અંક્જ્ઞાન એ શિક્ષણના પાયાના પગથિયા છે અને આ પગથિયા સર કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખના પ્રેરક માર્ગદર્શન હેઠળ ધોરણ ૧ અને ૨, ધોરણ ૩,૪,૫, અને ધોરણ ૬,૭,૮માટે અલગ અલગ વિષયવસ્તુને સમાવીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. આ વિદ્યાર્થી કાર્યપોથીને જિલ્લાના બાળકો સુધી લોકભાગીદારીથી હાર્ડકોપી તૈયાર કરી મોકલાવાનું સુચારૂ આયોજન જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરાયું છે. જિલ્લાના મહત્તમ બાળકોને આ વિદ્યાર્થી કાર્યપોથીનો ઉપયોગ કરી પાયાની અધ્યયન નિષ્પતિ પ્રાપ્ત કરવામાં મદદરૂપ બનશે.

આમ આદમી પાર્ટી દ્વારા કોરોના જનજાગૃતિ અભિયાન અંતર્ગત અને દાહોદ જિલ્લા બુથ સમીક્ષા બેઠક બારીયા ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગુજ.પ્રદેશ સહ પ્રભારી રાજેશ શર્મા, ઝોન સંગઠન મંત્રી જયેશ સંગાડા, મહિલા ઝોન સંગઠન મંત્રી એડવોકેટ આનંદીબેન બારીયા, દાહોદ જિલ્લા પ્રમુખ ભાનુપ્રસાદ હાજર રહ્યા હતા. આ બુથ સમીક્ષા બેઠકમાં બારીયા શહેર અને ગામમાં કાર્યકરો હાજર રહ્યા હતા. ત્યાર બાદ કોરોના જાગૃતિ અભિયાન અંતર્ગત બજારમાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું.

દાહોદ ઘર આંગણે રમતા બાળકના ગળામાં પતંગ દોરી ભરાતા ૩૦ ટાંકા આવ્યા

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ ઘર આંગણે રમી રહેલ એક છ વર્ષીય બાળકના ગળાના ભાગે પતંગની દોરી ફરી વળતા બાળકનું ગળું કપાઈ જવા પામ્યું હતું. તાત્કાલીક બાળકને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડાતા તેને ગળાના ભાગે કુલ ૩૦ ટાકા લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના મોચીવાડ વિસ્તાર ખાતે રહેતા ૬ વર્ષીય મહંમદ હસનેન ઈમરાન શેખ આજરોજ સવારના સમયે પોતાના ઘરના આંગણામાં રમતો રહ્યો હતો. તે સમયે પતંગની ધારદાર દોરી મહંમદના ગળા તરફ ફરી વળી હતી અને જોતજોતામાં મહંમદ લોહીલુહાણ થઈ ગયો હતો. પરિવારજનોને જાણ થતા તેઓએ ઈજાગ્રસ્ત બાળક મહંમદને લઈ દાહોદની ખાનગી હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. તબીબો દ્વારા ગંભીર ઈજાગ્રસ્ત મહંમદના ગળાના અંદરના ભાગે ૧૦ ટાકા ગળાના અંદરના ભાગે અને ૨૦ ટાકા ઉપરના ભાગે એમ કુલ ૩૦ ટાકા લેવામાં આવ્યા હતા. હાલ બાળકની તબિયત સારી છે.

ઝાલોદ તાલુકા આદિવાસી સમાજ દ્વારા આદિજાતિ મંત્રીના વિરોધમાં મામલતદારને આવેદન અપાયું

ઝાલોદ,

દાહોદ ના ઝાલોદ તાલુકામાં આદિવાસી સમાજના સામાજિક કાર્યકર્તાઓ સાથે સંદેશ સંગાડા દ્વારા તારીખ ૧૦/૧/ ૨૦૨૨ ના રોજ ઝાલોદ તાલુકા મામલતદાર ને આવેદન પત્ર આપવામાં આવ્યું.

આવેદન પત્રમાં જણાવ્યા મુજબ ગત તારીખ ૨૯/ ૧૨/૨૦૨૧ ના રોજ લીમખેડા મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ખાતે એક સરકારી કાર્યક્રમમાં રાજ્યકક્ષાના આદિજાતિ મંત્રી નિમિષાબેન સુથારનો વિરોધ કરવા પહોંચેલા આદિવાસી સામાજિક યુવા કાર્યકર્તા શિરીષભાઈ બામણિયા તેમજ તેઓના સાથી કાર્યકર્તાઓ જોડે નાયબ પોલીસ અધિક્ષક પરેશભાઈ સોલંકી દ્વારા વાળ ખેંચી, ગેરવર્તણુક, દુર્વ્યવહાર કરવામાં આવેલ તેવા આક્ષેપો સાથે શિરીષભાઈ બામણિયા એ તારીખ ૩૦/૧૨/૨૦૨૧ ના રોજ નાયબ પોલીસ અધિક્ષક ના આવા ગેરવર્તણૂક, દુર્વ્યવહાર વિરૂદ્ધ પોતાના વાળ ઉતારી મુંડન કરાવ્યું હતું અને કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ કરી હતી.

આ ઘટના બાબતે ઝાલોદ ના આદિવાસી સામાજિક કાર્યકર્તાઓ દ્વારા શિરીષભાઈ બામણિયાને સમર્થન આપ્યું હતું અને જો આ ઘટના બાબતે યોગ્ય ન્યાય નહિ મળે તો જિલ્લા કક્ષાએ આદિવાસી સમાજ ધરણાં પ્રદર્શન કરશે તેવી ચીમકી ઉચ્ચારીને ન્યાય મળે તે માટે ઝાલોદ મામલતદારને આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી.

કોરોનાના વધતા સંક્રમણના લીધે કલા મહાકુંભ સ્થગિત

દાહોદ,

હાલમાં કોરોનાનું સંક્રમણ વધતા ગુજરાત સરકારના તમામ કાર્યક્રમ મોકુફ રખાયા છે. ત્યારે રજીસ્ટ્રેશન થયેલ કલા મહાકુંભ ૨૦૨૧-૨૨ સ્થગિત રાખવામાં આવ્યો છે. તેમ કમિશનર, યુવક અને સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

લીમખેડાના મોટી બાંડીબાર ગામે કેબીન માંથી રોકડ અને સરસામાનની મત્તાની ચોરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે એક કેબિન (ગલ્લા)નું અજાણ્યા ચોર ઈસમોએ તાળું તોડી ગલ્લામાં મૂકી રાખેલ રોકડા રૂપિયા ૫,૦૦૦ તેમજ સરસામાન મળી કુલ રૂપિયા ૬૫૦૦/- ની ચોરી કરી લઈ નાસી ગયાનું જાણવા મળે છે. ગત તા. ૮ જાન્યુઆરીના રોજ લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે ગઢા ફળિયામાં રહેતા હિંમતભાઈ મનસુખભાઈ રાવતની ગામમાં આવેલ લોખંડના કેબિનના (ગલ્લા)નું તાળું તોડી કેબિનમાં પ્રવેશ કર્યો હતો અને અંદર મૂકી રાખેલ રોકડા રૂપિયા ૫,૦૦૦/-, ૧ તેલનો ડબ્બો, બિસ્કીટ, સેવ, ચવાણું, પાન ગુટ્કા, સાબુ વિગેરેના પેકેટો મળી કુલ રૂપિયા ૬૫૦૦/-નો મુદ્દામાલ ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે હિંમતભાઈ મનસુખભાઈ રાવતે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા મીનાક્યાર ગામે મધ્યપ્રદેશ પરિવહનની બસની જેક લગાડી સમારકામ કરતાં જેક છટકતાં દબાઈ જવાથી મોત

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના મીનાક્યાર ગામે અજીબો ગરીબ અકસ્માત સામે આવ્યો છે. જેમાં એક બસનો ચાલક બસનું સમારકામ કરવા બસની નીચે જેક લગાડી કામ કરતો હતો. તે સમયે જેક છટકતાં બસની નીચે દબાઈ જતાં તેનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજતાં ચકચાર મચી જવા પામી હતી.

આજરોજ મિનાક્યાંર ગામે બોર્ડર પર મધ્યપ્રદેશ પરિવહનની બસનો ચાલક બસ નીચે જેક મુકી બસનું સમારકામ કરી રહ્યો હતો. આ દરમ્યાન એકાએક બસ નીચે લગાવવામાં આવેલ જેક છટકી જતાં નીચે બસનું સમારકામ કરી રહેલ બસનો ચાલક બસની નીચે દબાઈ ગયો હતો. જોતજોતામાં બસના ચાલકનું ઘટના સ્થળ પર મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. ચાલકને બસની નીચેથી કાઢવા માટે આસપાસના લોકોએ ખુબ મહેનત કરી પરંતુ બસનો ચાલક ના નીકળતાં આખરે મૃતક બસના ચાલકને બસની નીચેથી કાઢવા માટે જેસીબીની મદદ લેવામાં આવી હતી અને જેસીબીની મદદથી બસને ઉપર કરી નીચેથી મૃતક બસના ચાલકને બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ પણ સ્થળ પર દોડી આવી હતી અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંશ સેવા મારફતે મૃતક બસના ચાલકને નજીકના દવાખાને પીએમ અર્થે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.119

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

હાલોલના ગોપીપુરા ગ્રામ પંચાયતના

તત્કાલીન સરપંચ વિરૂદ્ધ છેતરપિંડી-ભ્રષ્ટાચાર બાબતે TDO દ્વારા પોલીસ ફરિયાદ

ગ્રામ પંચાયત માંથી ૪.૫૦ લાખની ઉચાપત કરી

હાલોલ, પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ગોપીપુરા ગ્રામપંચાયતના તત્કાલીન સરપંચ દ્વારા પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી સરકાર સાથે છેતરપીંડી તેમજ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવા અંગેની પોલીસ ફરિયાદ તાલુકા વિકાસ અધિકારી દ્વારા નોંધાવવામાં આવતા ભારે ચકચાર મચવા પામી છે. તત્કાલીન સરપંચ દ્વારા ગ્રામપંચાયતમાંથી ૪.૫૦ લાખની ઉચાપત તેમજ નિયમ વિરૂદ્ધ પોતાની માલિકીની ભાગીદારી પેઢીમાં જ કામો રાખી પેઢીને આર્થિક લાભ કરાવવા ગેરરીતિ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ગોપીપુરા ગ્રામપંચાયતમાં સ્વંભડોળ તેમજ સરકાર દ્વારા વિકાસના કામો માટે આપવામાં આવતી ગ્રાન્ટ બાબતે તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવતા મસમોટા વહીવટી છબરડા તેમજ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગોપીપુરા ગ્રામપંચાયત દ્વારા વર્ષ ૨૦૧૭ થી નવેમ્બર ૨૦૨૧ સુધી કરવામાં આવેલા વિવિધ વિકાસના કામો અને તે અંગે ચુકવવામાં આવેલા નાણાં અંગેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી જે તપાસમાં ગોપીપુરા ગ્રામપંચાયતના સરપંચ દ્વારા ૧૪ માં નાણાંપંચ હેઠળ કરવામાં આવેલા કામો પોતાની માલિકીની જ ભાગીદારી પેઢીમાં કરી રૂ.૨ કરોડના ચૂકવણા પણ આજ પેઢીમાં કરવામાં આવ્યા છે ઉપરાંત સરપંચને આપવામાં આવેલ રૂ.૫ લાખના ખર્ચની મર્યાદાને લઈને આ સરપંચ દ્વારા વિવિધ વિકાસના કામોને એક કરતાં વધુ ભાગમાં ચૂકવણા કરવામાં આવ્યા છે જેથી સક્ષમ અધિકારીની મજૂરી તેમજ ટેન્ડર પ્રક્રિયાથી બચી શકાય અને પોતાને જ આર્થિક લાભ થાય જે સરકારના નિયમ વિરૂદ્ધ જઈને કરવામાં આવેલું છે, જ્યારે ગ્રામપંચાયતના સ્વંભડોળમાંથી પણ રૂ.૪.૫૦ લાખની ઉચાપત કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

તાલુકા વિકાસ અધિકારી હાલોલ દ્વારા ગોપીપુરા ગ્રામપંચાયતના વર્ષ ૨૦૧૭થી નવેમ્બર ૨૧ સુધીના રેકર્ડ તપાસવામાં આવતા ગ્રામપંચાયત વિસ્તારમાં કરવામાં આવેલા રૂ.૨ કરોડ ઉપરાંત ના વિકાસના કામોના રજૂ કરવામાં આવેલા બિલોમાં જીએસટી નંબર લખવામાં જ આવ્યા ન હોવાનું પણ સામે આવ્યું છે. વધુમાં સરપંચ રામચંદ્ર બારીયા દ્વારા ગ્રામપંચાયતમાં કરવામાં આવેલા કેટલાય કામોમાં વહીવટી/તાંત્રિક મંજુરી લીધા વિના જ કામો કરી તેના પણ ચૂકવણા કરવામાં આવ્યા હોવાનું સામે આવતા ગ્રામ પંચાયત ગોપીપુરામાં વર્ષ ૨૦૧૭ થી નવેમ્બર ૨૦૨૧ સુધીમાં સરપંચ પદ પર રહેલા રામચંદ્ર બારીયા દ્વારા પોતાને મળેલ સત્તાનો દુરૂપયોગ કરી સરકાર સાથે છેતરપીંડી તેમજ ગ્રામપંચાયતને આર્થિક નુકસાન પહોંચાડયા હોવાનું જણાઈ આવતા તત્કાલીન સરપંચ અને તેમની ભાગીદારી પેઢીના ભાગીદાર આસિફ ઈકબાલ જરદા સામે છેતરપીંડી, ષડયંત્ર રચવું તેમજ ભ્રષ્ટાચાર નિવારણ

> ગ્રામ પંચાયત ગોપીપુરામાં વર્ષ ૨૦૧૭ થી નવેમ્બર ૨૦૨૧ સુધીમાં સરપંચ પદ પર રહેલા રામચંદ્ર બારીયા દ્વારા પોતાને મળેલ સત્તાનો દુરૂપયોગ કરી સરકાર સાથે છેતરપીંડી તેમજ ગ્રામપંચાયતને આર્થિક નુકસાન પહોંચાડયા હોવાનું જણાઈ આવતા તત્કાલીન સરપંચ અને તેમની ભાગીદારી પેઢીના ભાગીદાર આસિફ ઈકબાલ જરદા સામે છેતરપીંડી, ષડયંત્ર રચવું તેમજ ભ્રષ્ટાચાર નિવારણ ની વિવિધ કલમો હેઠળ હાલોલ રૂરલ પોલીસ મથકે તાલુકા વિકાસ અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ હાલ હાલોલ ડી વાય એસ.પી. ને સોંપવામાં આવી છે.

ની વિવિધ કલમો હેઠળ હાલોલ રૂરલ પોલીસ મથકે તાલુકા વિકાસ અધિકારી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ હાલ હાલોલ ડી વાય એસ પી ને સોંપવામાં આવી છે.

પોલીસ દ્વારા હાલ સમગ્ર મામલે તમામ રેકર્ડ કબજે લેવા તેમજ ફરિયાદમાં દર્શાવવામાં આવેલા તમામ પાસોની તપાસ શરૂ કરી છે, પોલીસ દ્વારા ૨ કરોડ જેટલી માતબર રકમના બિલોમાં જી એસ ટી નંબર જ ન હોય તે બાબતે પણ જઈ એસ ટી વિભાગમાંથી જરૂરી દસ્તાવેજો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગોપીપુરા ગ્રામપંચાયતના સરપંચને અગાઉ પણ તેમના કાર્યકાળ દરમિયાન ગ્રામપંચાયતમાં ભ્રષ્ટાચાર આચરવા બદલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બાદમાં, તેઓની ટર્મ પૂર્ણ થતાં થોડા સમય પહેલા જ યોજાયેલી ગ્રામપંચાયતની ચૂંટણી દરમિયાન તેમની માતા હાલ ગોપીપુરા ગ્રામપંચાયતના સરપંચ તરીકે ચૂંટાઈ આવેલ છે. ગોપીપુરા ગ્રામપંચાયતના તત્કાલિન સરપંચ દ્વારા આચરવામાં આવેલ ગેરરીતિ અને ભ્રષ્ટાચાર બાબતે દાખલ કરવામાં આવેલ પોલીસ ફરિયાદ બાદ તાલુકા સહિત જિલ્લાના અન્ય ભ્રષ્ટાચારી લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

> ગોપીપુરા ગ્રામપંચાયતના સરપંચને અગાઉ પણ તેમના કાર્યકાળ દરમિયાન ગ્રામપંચાયતમાં ભ્રષ્ટાચાર આચરવા બદલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. બાદમાં, તેઓની ટર્મ પૂર્ણ થતાં થોડા સમય પહેલા જ યોજાયેલી ગ્રામપંચાયતની ચૂંટણી દરમિયાન તેમની માતા હાલ ગોપીપુરા ગ્રામપંચાયતના સરપંચ તરીકે ચૂંટાઈ આવેલ છે.

> પોલીસ દ્વારા ૨ કરોડ જેટલી માતબર રકમના બિલોમાં જી એસ.ટી. નંબર જ ન હોય તે બાબતે પણ જઈ એસ.ટી વિભાગમાંથી જરૂરી દસ્તાવેજો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે.

> ગોપીપુરા ગ્રામપંચાયતના તત્કાલિન સરપંચ દ્વારા આચરવામાં આવેલ ગેરરીતિ અને ભ્રષ્ટાચાર બાબતે દાખલ કરવામાં આવેલ પોલીસ ફરિયાદ બાદ તાલુકા સહિત જિલ્લાના અન્ય ભ્રષ્ટાચારી લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

શહેરા તાલુકાના ગામોમાં રેશનકાર્ડ ગ્રાહકોને ઓછો જથ્થો આપવાની રજુઆતના પગલે કલેકટરના નેતૃત્વમાં ટીમ તપાસ કરે તેવી માંગ

શહેરા, શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાએ તાલુકામાં આવેલ અમુક સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર જથ્થો ઓછો મળતો હોવાના આક્ષેપ સાથે ગાંધીનગર ખાતે રજૂઆત કરી છે. જિલ્લા કલેકટરના નેતૃત્વમાં એક ટીમ બનાવીને સસ્તા અનાજની દુકાનોમાં તપાસ કરવામાં આવે તેવી માંગ પણ તેઓ દ્વારા કરવામાં આવી હતી.

શહેરા નગર અને તાલુકામાં ૯૫ જેટલી સસ્તા અનાજની દુકાનો આવેલી છે. આ સસ્તા અનાજની દુકાનોમાં કોરોનાના કપરા કાળમાં પણ સસ્તા અનાજની દુકાનદારો દ્વારા રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર જથ્થાનું વિતરણ કરવામાં આવી રહયુ હતું. જયારે તાલુકા પંચાયત કચેરીના વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ સોલંકી દ્વારા નગર અને તાલુકામાં આવેલ અમુક સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર જથ્થો પુરતો નહીં મળતો હોવાનું તેઓ ને લાગતા જશવંતસિંહ સોલંકી ગાંધીનગર ખાતે પહોંચી જઈને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીને આ મામલે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે અમુક સસ્તા અનાજની દુકાનોમાં રેશનકાર્ડ ધારકોને પૂરતા પ્રમાણમાં અનાજ તેમજ અન્ય જથ્થો મળતો નથી અને એવું કહેવામાં આવે છે કે ઉપરથી કપાત થઈને જથ્થો આવે છે તેમ કહીને ગોળગોળ જવાબ આપતાં હોય છે. દરેક દુકાનો માં સ્ટોક પત્રોની ચકાસણી અને મેળવેલ જથ્થાની ચકાસણી અને વિતરણ કર્યા બાદ કેટલો જથ્થો વધતો હોય અને રેશનકાર્ડ ધારકોને કેટલો જથ્થો મળે છે તેનું કોસ વેરીફાઈ કરવામાં આવે તો બહુ મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા રહેલી છે. પંચમહાલ જિલ્લા કલેકટર ની આગેવાની હેઠળ એક ટીમ બનાવીને સસ્તા અનાજની દુકાનોમાં તપાસ કરવામાં આવે તેવી માંગ પણ તેઓ દ્વારા કરવામાં આવી છે. હાલ તો જે રીતે તાલુકા પંચાયત કચેરીના વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ સોલંકી દ્વારા સસ્તા અનાજની દુકાનોમાં ઓછો જથ્થો રેશનકાર્ડ ધારકોને મળતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હોય ત્યારે જિલ્લા કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લઈને સસ્તા અનાજની દુકાનોમાં તપાસ કરવા સાથે રેશનકાર્ડ ધારકોનું કોસ વેરીફાઈ કરવા સહિતની કાર્યવાહી હાથધરી રેશનકાર્ડ ધારકોના હિત માટે વિચારે તે પણ જરૂરી છે.

અમદાવાદ નેશનલ હાઈવે ઉપર આવેલ વાવડી ખુર્દ ગામને સર્વિસ રોડની સુવિધા અને સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા પુરી પાડવા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત

ગોધરા, અમદાવાદ નેશનલ હાઈવે ટોલટેકસ થી ૧ કિલો મીટર અંતરે વાવડી ખુર્દ ગામ સહિત અન્ય ગામો આવેલ છે. નેશનલ હાઈવે રોડને લઈ પ્રતિદિન નાના મોટા અકસ્માતના બનાવો બનતા હોય છે. નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા નેશનલ હાઈવે ઉપર આવેલ ગામો માટે સર્વિસ રોડની વ્યવસ્થા કરવામાં આવે સ્ટ્રીટ લાઈટની સુવિધા કરવામાં આવે તેવી માંગ જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે રોડ ઉપર ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામ ટોલ ટેકસ પ્લાઝા થી ૧ કિ.મી.ના અંતરે આવે છે. સાથે એક થી ત્રણ કિલોમીટરના અંતર અનેક ગામો આવેલ છે. નેશનલ હાઈવે હોવાથી રોડના લાખો વાહનોની અવર-જવર રહેતી હોય પરિણામે અવાર-નવાર અકસ્માતના બનાવો બનતા હોય છે. નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા નેશનલ હાઈવેને અડીને આવેલ ગામોની પરવાહ કરીને સર્વિસ રોડની વ્યવસ્થા કરવામાં આવી નથી કે સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉભી કરવામાં આવી નથી. પરિણામે અકસ્માતના બનાવો બનતા હોય છે અને નિર્દોષ લોકોને જાન ગુમાવવા પડે છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરીટીની ભુલને લઈ થતાં અકસ્માતમાં જીવ ગુમાવત મૃતકોના પરિવારોને વળતર આપવામાં આવે તે જરૂરી છે. અમદાવાદ નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ વાવડી ખુર્દ સહિતના ગામોને હાઈવેની બાજુ માંથી સર્વિસ રોડની સુવિધા કરી આપવામાં આવે વાવડી ખુર્દ ગામ પાસે નેશનલ હાઈવે રોડ ઉપર બહારના ઈસમો દ્વારા રસ્તાની સાઈડો તોડી નાખી નાના-મોટા વાહનો જવા આવવા માટે ઉપયોગ કરાઈ રહ્યા અને આ જગ્યા ઉપર હોટલ બનાવવામાં આવેલ છે. જેને લઈ અકસ્માતની ઘટના બની રહી છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા વાવડી ખુર્દ ગામને સર્વિસ રોડની સુવિધા, સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવામાં આવે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કલેકટરને જાગૃત ગ્રામજન દ્વારા લેખિત રજુઆત કરાઈ છે.

પંચમહાલ જીલ્લામાં સોમવારે ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના આંક ઝડપથી વધી રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા ૧૬૯ સુધી પહોંચી છે. જેને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. લોકોમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવા સુચન કર્યું છે.

દેશ સહિત ગુજરાત રાજ્ય ધીમી ગતિથી કોરોનાની ત્રીજી વેવ તરફ આગળ વધી રહ્યો છે. રાજ્યમાં પ્રતિદિનન કોરોના સંક્રમણના કેસમાં રોકેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા કોરોના થી સુરક્ષીત કરવા માટે લોકોને કોરોના વેક્સીનના પ્રથમ અને બીજો ડોઝ લેવા માટે અપીલ કરવામાં આવી રહી છે. હાલ જે રીતે કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેમાં પંચમહાલ જીલ્લો પણ બાકાત રહ્યો નથી. છેલ્લા સાત દિવસ થી કોરોના સંક્રમણના કેસમાં પ્રતિદિન ઉછાળો નોંધાઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૨૬ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૧૫, હાલોલ-૦૩, કાલોલ-૦૨, ગોધરા (ગ્રામ્ય)-૦૨, કાલોલ (ગ્રામ્ય)-૦૨, ઘોઘંબા (ગ્રામ્)-૦૧ કેસ નવા નોંધાવાની સાથે જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા ૧૬૯ સુધી પહોંચી છે. જીલ્લામાં વધતા કોરોના કેસને જોતા કોરોના ટેસ્ટીંગ ઉપર ભાર મુકવામાં આવ્યો છે. સાથે જીલ્લામાં લોકોના કોરોના વેક્સીનના પ્રથમ અથવા બીજો ડોઝ લઈ લેવા માટે અપીલ કરી છે અને લોકો પણ કોરોના વેક્સીન લેવા માટે જાગૃતતા દાખવી રહ્યા છે. તેમ છતાં હાલ જીલ્લામાં જે રીતે કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે જોતાં આરોગ્ય વિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોના કોરોના સંક્રમણથી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવી રાખવા માટે અપીલ કરી છે.

ગોધરા ખાતે યોજાયેલા પાવર લીફટીંગ ચેમ્પિયનમાં શીલપાબેન પરીખ (પટેલ) દ્વારા માસ્ટર કેટેગરીમાં ગોલ્ડ મેળવ્યો છે. તેઓનું સન્માન જિલ્લા પ્રમુખ કામીનીબેન સોલંકી અને હુન્ડાઈ કાર શો રૂમના સુરેશભાઈ દેરાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમયે શીલ્પાબેન દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પાવર લીફટીંગ સહિત દરેક ખેલ કુદમાં પણ મહીલાઓએ આગળ આવવું જોઈએ.

પંચમહાલ જીલ્લાના સીમલીયા મુકામે કોંગ્રેસ સમિતિ દ્વારા સંયોજક તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગોધરા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ આયોજિત સંયોજક તાલીમ અને માર્ગદર્શન કાર્યક્રમ પ્રદેશ સમિતિના માર્ગદર્શન મુજબ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સીમલયા મુકામે યોજાયેલ આ સફળ તાલીમ કાર્યક્રમમાં જિલ્લામાંથી તાલુકા જિલ્લા સંયોજકો જિલ્લા સમિતિ તાલુકા શહેર કોંગ્રેસ વિવિધ સેલ સંગઠન ઓર્ગેનાઈઝેશનના હોદ્દેદારો કાર્યકરો અગ્રણીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવેલ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ નિરીક્ષક ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા એ ઉપયોગી માર્ગદર્શન આપેલ તેમજ પ્રદેશ સમિતિના આગેવાનો ટ્રેનર ડોક્ટર ઈરફાન રાઠોડ તથા ઈશ્વરભાઈ પરમારે મહત્વપૂર્ણ જાણકારી અને તાલીમ આપેલ હતી.

વેજલપુર ગામની રૂપારેલ નદીની ગંદકી અને સ્વચ્છતા અભાવ મુદ્દે

સત્યમેવ જયતે યુવક મંડળ અને સામાજીક કાર્યકર અને વેજલપુર ગામ નાગરિકો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

કાલોલ, કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં દેશ આઝાદ થયાને ૭૪ વર્ષ વીતી ગયા હોવા છતા વિકાસના કામો ન થતા હોવાથી સત્યમેવ જયતે યુવક મંડળ અને સામાજિક કાર્યકર ઈમ્તિયાઝ સુજેલા દ્વારા વેજલપુર ગામની મુલાકાત લીધી હતી. ત્યારે વેજલપુર ગામની મધ્યમાં આવેલ રૂપારેલ નદીમાં ભયંકર ગંદકી જોતા તેઓ પણ આશ્ચર્યજનક થયા હતા અને આજુબાજુના રહીશોને પૂછ પરછ કરતા ત્યાંના રહીશોએ જણાવેલ હતું કે, વેજલપુર ગામની મધ્યમાં આવેલ રૂપારેલ નદી થોડા વર્ષો પહેલા સ્વચ્છ અને સુંદર હતી. જેથી વેજલપુર ગામના લોકો રૂપારેલ નદીની વચ્ચે ખાડો કરીને તેમાંથી પાણી ભરતા હતા અને એ પાણી પીવામાં પણ ઉપયોગ કરતા હતા અને ઘણા લોકો રાત્રે મોડા સુધી નદીની રેતીમાં આરામ પણ કરતા હતા જ્યારે વેજલપુર ગામ પંચાયત પાસે

કચરો નાખવા માટે જગ્યા નીમ કરેલ હોવા છતાં વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા કચરાનો યોગ્ય નિકાલ ન કરવામા આવતા આજુ બાજુના લોકો વેજલપુર ગામની મધ્યમાં આવેલ રૂપારેલ નદીમાં કચરો નાખતા હોવાથી વેજલપુર ગામની રૂપાળી નદીનું આખું રૂપ જ બદલાઈ ગયું છે. જેના કારણે પબ્લિકને અવરજવરમાં ઘણી તકલીફ પડે છે અને દુર્ગંધ મારે છે. જેથી આવી ગંદકી માંથી પસાર થવું પડે છે. હાલમાં કોરોના વાયરસ શરૂ થયો હોવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની સ્વચ્છતાનું ધ્યાન આપવામાં આવતું નથી. જેથી ગામજનોએ અનેક વખત જિલ્લા કલેકટર સુધી આવેદનપત્રો આપ્યા હોવા છતાં ગામની સફાઈ કરવામાં આવતી ન હતી. જેથી સત્યમે યુવક મંડળ અને સામાજિક કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી જણાવેલ કે, વેજલપુર ગામ માં દેશ આઝાદ થયાને ૭૪ વર્ષ વીતી ગયા હોવા છતાં રૂપારેલ નદી ઉપર ઊંચો એક પણ બ્રિજ બનાવવામાં આવેલ નથી અને નદીની બન્ને પટની સાઈડમાં સુરક્ષા દિવાલ પણ કરવામાં આવેલ નથી. જેના કારણે ગામના તમામ લોકોને આવી ગંદકી માંથી પસાર થવાનો વારો આવે છે અને અગાઉ પણ થોડા સમય પહેલા ઉર્દુ પ્રાથમિક શાળા નો બાળક આ રૂપા રેલ નદી ના વહેણ માં ડૂબી ગયો હતો. જેથી તે બાળક ને પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો અને હાલ ગામ ના લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. જ્યારે સરકાર દ્વારા સ્વચ્છતાની ગ્રાંટ ફાળવી હોવા છતા કોઈપણ જગ્યાએ સાફ-સફાઈ કરવામાં આવતી નથી કચરો નાખવા માટે જગ્યા નીમ કરેલ હોવા છતાં ગામની નદીમાં કચરો ઠાલવવામાં આવે છે. જ્યારે આજના યુગમાં સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓ બહાર પાડવામાં આવે છે. જેમ કે, ગામમાં સ્વચ્છતા રોડ રસ્તા ગટર લાઈન અને ગામના લોકોને શુદ્ધ પાણી મળે ગામનો સારો વિકાસ થાય તે માટે અનેક પ્રકારની સરકાર દ્વારા ગ્રામ પંચાયતને ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. તેમ છતાં ગામમાં સ્વચ્છતા જોવા મળતી નથી અને ગામનો વિકાસ દેખાતો નથી અને વિકાસથી વંચિત દેખાતો હોય જેથી ગામના તો લોકો ઠીક છે. હવે તો અન્ય ગામના લોકો પણ ગામમાં ભયંકર ગંદકી જોઈને તેઓ પણ આશ્ચર્યમાં પડી જાય છે. જેથી વેજલપુર ગામની લાગણી કરી તેઓએ પણ જિલ્લા કલેકટર સુધી રજૂઆત કરી છે અને આવેદનપત્રમાં જણાવ્યું છે કે, વેજલપુર ગામની ૧૫૦૦૦ જેટલી વસ્તી ધરાવતું ગામ હોવા છતાં ઉચા બ્રિજ બનાવવામાં આવે અને નદીના બન્ને સાઈડ સુરક્ષા દીવાલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને વેજલપુર ગામ નદીની બન્ને સાઈડ વસ્તી આવેલ હોવા છતાં રૂપારેલ નદી ઉપર એક પણ ઉંચો બ્રિજ બનેલ ન હોવાથી અને સરકારે અનેક પ્રકારની ગ્રાન્ટ ફાળવી હોવા છતા વેજલપુર ગામમાં સ્વચ્છતાનો અભાવ દેખાતો હોવાથી નદીના પટની આજુબાજુ ભયંકર ગંદકી જોતા સત્યમેવ મંડળ અને સામાજિક કાર્યકરોને વેજલપુર ગામની લાગણી દેખાઈ રહી હોવાથી કોરોના મહામારીના વચ્ચે હાલમાં નવો વાયરસ ચાલુ થયો છે. ત્યારે રૂપા રેલ નદીની સફાઈ કરવામાં આવે જેથી ગામમાં કોઈ મોટો રોગચાળોના ફાટે અને ગામમાં લોકોને મુશ્કેલીઓના પડે જેથી સ્વચ્છતા જળવાઈ રહે અને લોકોને મોટા પટેલવાડા અને ભોઈ વાડ, ચમારવાસ, હરિજન વાસ જવા-આવવા માટે લોકોને ઘણી મુશ્કેલીઓ પડે છે. તે દૂર થાય અને લકોને શુદ્ધ હવા મળે અને ઉંચા બ્રિજો બને તેવી માંગ કરવામાં આવી છે.

સરકારી ઈજનેરી કોલેજ ગોધરા ખાતે ૧૫ થી ૧૮ વર્ષની વયજુથના વિદ્યાર્થીઓ માટે રસીકરણ કેમ્પ યોજાયો

ગોધરા, સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે પ્રથમ વર્ષ ઈજનેરી કોલેજના વય જૂથ ૧૫-૧૮ સુધીના વિદ્યાર્થી ઓ માટે પ્રાયમરી હેલ્થ સેન્ટર, સાંપા (સબ સેન્ટર, છબનપુર)ના નીલાબેન ગોસાઈના એકતાબેન, ચેતનાબેન વિગેરે સ્ટાફ મેમ્બર્સના સહયોગ થી તેમજ સ.ઈ.કો., ગોધરાના આચાર્ય પ્રો. એ.કે.પટેલનાં માર્ગદર્શન હેઠળ પ્રો. દીક્ષિત પાઠક, પ્રો. હાર્દિક શુક્લ, પ્રો. નિશા લોઢા, સીતાબેન સેલોત એ આયોજન કર્યું હતું. જેમાં પ્રો. એન.જે.પરમાર, પ્રો. વિપુલ ભટ્ટ વિગેરેનાં સહકાર થી વેક્સીનેશન કેમ્પ યોજાઈ ગયો હતો. જેમાં ૧૮ વર્ષ સુધીની વયજુથનાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. આચાર્ય એ.કે.પટેલએ પ્રોત્સાહન સ્વરૂપ વેક્સીન લેતા તમામ વિદ્યાર્થીઓને પેન પણ ભેટ આપી હતી. પ્રો. દીક્ષિત પાઠક અને પ્રો. હાર્દિક શુક્લ એ મેડિકલ ટીમ, વેક્સીન લીધેલ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સનો આભાર માન્યો હતો.